PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/કવા–૦૨/૧૭–૧૮/. ૭૦૬૬ તા. ૨૮/૦૮/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જીતેન્દ્ર દયાલજીભાઈ મકવાણા,
કૈલાશ પાર્ક શેરી નં– ૭,,
પંચાયત નગર
—અમરત—
યુનિવસીટી રોડ,
રાજકોટ
મો: ૭૪૦૫૪ ૬૬૩૩૦

વિષય :—વીજબીલ બાબત

સંદર્ભ:— આપની અરજી , તા. ૧૭–૦૭–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૬/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
ક્ન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૨..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૬/ક્વા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૦–૦૮–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: જીતેન્દ્ર દયાલજીભાઈ મકવાણા, ગામ: રાજકોટ
રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે તેમના બહેન શ્રી દક્ષાબેન દેગડા હાજર રહેલ હતા.

**વિ રુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)
રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૯૯૦૯/૧૯૦૪૦/૦ મા, પીજીવીસીએલ તરફથી, તાજેતર મા તેઓને, ક્ષતિગ્રસ્ત મીટર અન્વયે નુ બીલીગ ન કરાને બદલે, ગેરવ્યાજબી ધોરણ ના યુનીટ મુજબ ની કુલ રકમ રૂ.૧૫,૮૨૭/૯૦ નુ જે બીલીગ કરાયેલ છે, તે વીજબીલ ને પીજીવીસીએલ ની નિયમાધીન પ્રક્રીયા હેઠળ આવરી લઈ, અને વ્યાજબી ધોરણ હેઠળ ન્યાયિક રીતે મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૯૯૦૯/૧૯૦૪૦/૦ મા, પીજીવીસીએલ તરફથી, માહે મે–જુન– ૧૭ ના રોજ નુ બીલ, જે ૨૦૫૮ યુનીટ ની, રકમ રૂ.૧૫,૮૬/૨૨ નુ મળતા, ફરીયાદી અરજદાર શ્રી ને સદર બીલ, ક્ષતિગ્રસ્ત મીટર સબબ નુ જણાતા, અરજદાર શ્રી ની મૌખીક રજુઆત ના આધારે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર નુ સદર સવાલવાળુ ઈસ્કરા કંપની ના મીટર નંબર: ૦૬૦૦૯૬૭, જે ચેકીગ શીટ નં. ૬૦૧૭૯૦ તા.૦૬–૦૭–૧૭ થી છેલ્લા રીડીગ ૧૮૩૧૨.૩ હેઠળ સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા ૧.૨૭૩ કીવો નો વીજભાર જોડાયેલ હતો. તેમજ, તા.૦૬–૦૭–૧૭ ના રોજ એચઈપીએલ કંપની ના મીટર નંબર: ૦૩૪૩૦૭૯૨૧, ન. શરૂઆતના ૦૦૦૦૦૧ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. |
| ૨.૨ | ત્યારબાદ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ જુનુ સવાલવાળુ ઈસ્કરા કંપની ના મીટર નંબર: ૦૬૦૦૯૬૭, જે પીજીવીસીએલ ની લેબોરેટરી મા તા.૧૯–૦૭–૧૭ ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. તેમજ તેમા નોંધાયેલ છેલ્લા રીડીગ ૧૮૩૧૩ હતા. તેમ છતા, સદર મીટર ને, મીટર બનાવટ કંપની સમક્ષ, વિશેષ – ગુણવતાયુક્ત તાંત્રીક ચકાસણી કરવા માટે રજુ કરાયેલ હતુ. મીટર બનાવટ કંપની તરફથી, સદર મીટર ની ગુણવતાયુક્ત તાંત્રીક ચકાસણી કરાયા બાદ, સદર મીટર ને તાંત્રીક રીતે યોગ્ય જાહેર કરેલ હતુ. તે મુજબ નો, '' મીટર બનાવટ કંપની તરફથી, પીજીવીસીએલ ને તા.૧૧–૦૮–૧૭ ના રોજ અભિપ્રાય અપાયેલ છે.'' આમ, સવાલવાળુ મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય, તેમા નોંધાયેલ યુનીટ પણ, જોડાણ મા જોડાયેલ વીજભાર અન્વયે થતા, વીજવપરાશ મુજબ ના હોય, તેને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે મે–જુન– ૧૭ ના રોજ નુ બીલ, જે ૨૦૫૮ યુનીટ ની, રકમ રૂ.૧૫,૮૬/૨૨ નુ બીલ યોગ્ય હોવાનો, અત્રે તરફથી ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ થયેલ છે. |

## : નિષ્કર્ષ :

**મુદદા નં.–૩ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર નુ સવાલવાળુ મીટર, જે અગાઉ તા.૦૬–૦૭–૧૭ ના રોજ લેબોરેટરી ચેકીગ દરમ્યાન તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હતુ. તેમ છતા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સદર મીટર ની વિશેષ ગુણવતાયુકત તાંત્રીક ચકાસણી, જે મીટર બનાવટ કંપની મારફત કરવામા આવતા, મીટર બનાવટ કંપની તરફથી કરાયેલ ગુણવતાયુકત ચકાસણી દરમ્યાન પણ, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ છે. |
| ૩.ર | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે સવાલવાળુ મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહરે થયેલ હોય, તેમા નોંધાયેલ યુનીટ પણ, જોડાણ મા જોડાયેલ વીજભાર અન્વયે થતા, વીજવપરાશ મુજબ ના જ હોય – તેને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે મે–જુન– ૧૭ ના રોજ નુ બીલ – જે ર૦પ૮ યુનીટ ની, રકમ રૂ.૧પ,૮૬/રર નુ, જે અરજદાર શ્રી ને અપાયેલ છે, તે બીલ યોગ્ય હોવાની, અરજદાર શ્રી ને જાણકારી આપવા સબબ નો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |

## હુકમ

**મુદદા નં.–૪ :**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે મે–જુન– ૧૭ ના રોજ નુ બીલ – જે ર૦પ૮ યુનીટ ની, રકમ રૂ.૧પ,૮૬/રર નુ, જે અરજદાર શ્રી ને અપાયેલ છે – તે બીલ યોગ્ય હોવા બાબતે ની – અરજદાર શ્રી ને જાણકારી આપવા સબબ નો, ફોરમ કમિટી તરફથી હુકમ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.